بسم اللہ الرحمن الرحیم نحمدہ ونصلی علی رسولہ الکریم وعلی عبدہ المسیح الموعود

لا الہ الا اللہ محمد رسول اللہ

دفتر مجلس انصار اللہ بھارت

Office Of The Majlis Ansarullah Bharat

Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA

Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com

نمبر/Ref ________ تاریخ/Date ________

સંતોષ અને સાદગી અંગે
નબી કરીમ (સ.અ.વ.)ના જીવન ચરિત્રનો ઈમાન પ્રેરક ઉલ્લેખ

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.

તા. 23 ઓક્ટોબર 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ (યુ.કે)

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહાની તિલાવત બાદ, હુઝૂર અનવર અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝે ફરમાવ્યું:

મેં આંહઝરત (સ. અ. વ.)ના સાદા જીવનનો ઉલ્લેખ શરૂ કર્યો હતો. આપ (સ. અ. વ.) ની સાદગીની એક રીત એ પણ હતી કે કેટલીક વખત પોતાની જરૂરિયાતની વસ્તુઓ પોતે બજારમાંથી ખરીદતા હતા.

આ અંગે હઝરત અબૂ હુરૈરા (રઝિ) વર્ણન કરે છે કે એક દિવસ હું રસૂલુલ્લાહ (સ. અ. વ.) સાથે બજારમાં દાખલ થયો. આપ (સ. અ. વ.) કપડાના વેપારી પાસે બેઠા. ત્યારબાદ આપે ચાર દિરહમમાં ઢીલો પાયજામો ખરીધો.

હઝરત આયશા (રઝિ)થી રિવાયત છે. તેઓ કહેતાં હતાં કે હઝરત અબૂ બકર (રઝિ) મારી પાસે આવ્યા. તે સમયે મારી પાસે અન્સારની બે છોકરીઓ કેટલાક અશઆર ગાઈ રહી હતી. તેઓ વ્યવસાયિક ગાયિકાઓ નહોતી, પરંતુ હઝરત આયશા (રઝિ) કહે છે કે તેઓ મારી સહેલીઓ હતી. હઝરત અબૂ બકર (રઝિ) એ ગાવાનો અવાજ સાંભળ્યો તો ફરમાવ્યું: આ શું છે કે રસૂલુલ્લાહ (સ. અ. વ.)ના ઘરમાં તમે લોકો શેતાનની વાંસળીઓ (ગાયન-વાદન) લઈને બેઠાં છો? તે ઈદનો દિવસ હતો. નબી કરીમ (સ. અ. વ.) એ આ વાત સાંભળી તો ફરમાવ્યું: હે અબૂ બકર! દરેક કોમનો પોતાનો ઈદનો દિવસ હોય છે અને આ આપણી ઈદ છે. તેથી તેમને ગીતો ગાવા દો અને રોકશો નહીં.

હુઝૂર અનવરે ફરમાવ્યું કે વાતાવરણ સાદું અને નિખાલસ છે, તેમાં શિર્કની કોઇ વાત થઇ રહી નથી, તો તેમને ગીતો ગાવા દો. આંહઝરત (સ. અ. વ.) બાળકો પાસેથી પસાર થતા ત્યારે તેમને સલામ કરતા, તેમના માથા પર હાથ ફેરવતા અને તેમના માટે દુઆ કરતા હતા. કોઇ વ્યક્તિ આપ (સ. અ. વ.)ની સાથે બેસતી અથવા પોતાની કોઈ જરૂરિયાત માટે આપની સાથે વાત કરતી, તો આપ (સ. અ. વ.) ધીરજપૂર્વક તેની સાથે બેઠા રહેતા, ત્યાં સુધી કે તે

વ્યક્તિ પોતે ઊઠીને જતી રહેતી. આ સાદગી અને ધીરજ આવનાર વ્યક્તિને આશ્વાસન અને હિંમત આપતાં હતાં કે તે પોતાની વાત આરામથી રજૂ કરી શકે. આથી, આ એવો વ્યવહાર છે જેને આપણા હોદ્દેદારોએ પણ અપનાવવો જોઈએ.

હઝરત ઇમામ હુસૈન (રઝિ) વર્ણન કરે છે કે મેં મારા પિતાને આંહઝરત (સ. અ. વ.)ની મજલિસ વિશે પૂછ્યું. તો તેમણે ફરમાવ્યું કે આપ (સ. અ. વ.) ઊઠતાં-બેસતાં અલ્લાહ તઆલાનું સ્મરણ કરતા હતા. જ્યારે કોઈ સમૂહ પાસે જતા, તો જ્યારે મજલિસ પૂરી થતી ત્યારે ત્યાંથી જ ઊઠતા. આપ (સ. અ. વ.) દરેક સાથે બેસનાર વ્યક્તિને તેનો હક આપતા હતા. કોઈ વ્યક્તિ એવું માનતી નહોતી કે બીજી કોઈ વ્યક્તિ તેના કરતાં વધુ સન્માનિત છે. આપ (સ. અ. વ.) ની ઉદારતા અને સદાચરણ બધા માટે સમાન હતાં. આપ (સ. અ. વ.) તેમના માટે પિતા સમાન બની ગયા હતા.

મદીનાની હિજરતના સમયે, જ્યારે આપ (સ. અ. વ.) કુબા બહાર એક વૃક્ષ નીચે બેઠા હતા, ત્યારે મદીનાના મોટાભાગના લોકો હજી આપ (સ. અ. વ.)ના ચહેરાથી પરિચિત નહોતા. લોકો હઝરત અબૂ બકર (રઝિ)ને જ રસૂલુલ્લાહ (સ. અ. વ.) સમજી રહ્યા હતા અને ખૂબ જ આદરભાવથી હઝરત અબૂ બકર (રઝિ) તરફ મોઢું કરીને બેસી જતા હતા. હઝરત અબૂ બકર (રઝિ) એ આ બધું જોયું, ત્યારે તરત જ પોતાની ચાદર ઊંચી કરી અને સૂર્ય તરફ ઊભા થઈ ગયા અને કહ્યું: હે રસૂલુલ્લાહ (સ. અ. વ.) આપ પર તાપ પડી રહ્યો છે હું આપના પર છાંયો કરું છું.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રઝિ) બીમાર પડ્યા, ત્યારે નબી કરીમ (સ. અ. વ.) અને હઝરત અબૂ બકર (રઝિ) મારા ઘરે પધાર્યા. તેમણે મને બેભાન અવસ્થામાં જોયો. નબી કરીમ (સ. અ. વ.) એ વુઝૂ કર્યું અને વુઝૂનું પાણી મારા પર છાંટ્યું, તો મને હોશ આવ્યો.

હુઝૂર (સ. અ. વ.)ના જીવનમાં કોઈ બનાવટ નહોતી, પરંતુ સાદગી હતી. આપ (સ. અ. વ.) પોતાના સહાબીઓને પણ આ જ સમજાવતા હતા કે સાદગી અપનાવો, જેથી તેમનામાં પણ સુધારો થતો રહે.

હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ (રઝિ) વર્ણન કરે છે કે ગઝવા-એ-બદ્રના દિવસે ત્રણ-ત્રણ વ્યક્તિઓ વારાફરતી એક ઊંટ પર સવાર થતી હતી. આપ (સ. અ. વ.)ની સાથે સવારી કરનારા બંને સાથીઓએ કહ્યું કે, હે રસૂલુલ્લાહ (સ. અ. વ.)! આપ સવારી કરો અને અમે પગપાળા ચાલી લઈશું. આના પર આપે ફરમાવ્યું કે, તમે બંને મારાથી વધારે શક્તિશાળી નથી અને ન તો હું સવાબ મેળવવાના મામલે તમારા બંનેથી નિર્ભર છું. તેથી જે નિયમ નક્કી કરવામાં આવ્યો છે, તે પ્રમાણે જ અમલ થશે.

હઝરત અમ્ર બિન હારિસ (રઝિ) કહે છે કે રસૂલુલ્લાહ (સ. અ. વ.) એ પોતાની પાછળ ન તો કોઈ દીનાર છોડ્યો, ન કોઈ દિરહમ, ન કોઈ ગુલામ, ન કોઈ દાસી. માત્ર આપ (સ. અ. વ.) નો સફેદ ખચ્ચર, જેના પર આપ સવારી કરતા હતા, પોતાનાં હથિયારો અને એક જમીન છોડી હતી, જેને આપે મુસાફરો માટે વકફ કરી દીધી હતી.

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝિ) ફરમાવે છે કે નબી કરીમ (સ. અ. વ.)ના જીવનમાંથી એ પણ સાબિત થાય છે કે આપ સારીમાં સારી ખોરાકની વસ્તુઓ પણ ખાતા હતા અને એ પણ સાબિત થાય છે કે આપે ભૂખમરો પણ સહન કર્યો હતો. કેટલીક વખત આપે એટલો લાંબો ઉપવાસ અને ભૂખ સહન કરી હતી કે આપને પોતાનું પેટ બાંધવું પડ્યું હતું. પરંતુ દરેક પરિસ્થિતિમાં આપનું જીવન અલ્લાહનો આભાર માનવામાં અને સાદગીમાં પસાર થયું હતું.

હઝરત અબૂ સઈદ ખુદરી (રઝિ) વર્ણન કરે છે કે આંહઝરત (સ. અ. વ.)નું જીવન ખૂબ જ સાદું હતું. આપ કોઈ પણ કામ કરવામાં શરમ કે સંકોચ અનુભવતા નહોતા.

આપ (સ. અ. વ.) પોતાના ઊંટને પોતે જ ચારો નાખતા, ઘરના કામકાજ કરતા, પોતાનાં જૂતાંની મરામત કરી લેતા અને કપડાંમાં થીંગડાં લગાવી લેતા હતા. આપ (સ. અ. વ.) પોતાના સેવકને પોતાની સાથે બેસાડીને ભોજન કરાવતા. જો સેવક અનાજ દળતાં-દળતાં થાકી જતો, તો આપ (સ. અ. વ.) તેને મદદ કરતા. બજારમાંથી ઘરની

વસ્તુઓ ઊંચકીને લાવવામાં આપ (સ. અ. વ.) શરમ અનુભવતા નહોતા. અમીર હોય કે ગરીબ, દરેક સાથે હાથ મિલાવતા અને સલામ કરવામાં પહેલ કરતા. જો કોઈ વ્યક્તિ ખજૂર ખાવાનું આમંત્રણ પણ આપતી, તો આપ (સ. અ. વ.) તેને તુચ્છ સમજતા નહોતા અને તે આમંત્રણ સ્વીકારી લેતા. આપ (સ. અ. વ.) અત્યંત હમદર્દ, નરમ સ્વભાવના અને સહનશીલ હતા. આપનું રહેણીકરણીનું જીવન ખૂબ જ સાદું હતું. આપ પ્રસન્નતાથી મળતા અને આપના ચહેરા પર હંમેશાં સ્મિત ઝળકતું રહેતું. આપ જોરથી ખડખડાટ હસતા નહોતા. આપ અલ્લાહના ભયથી ચિંતિત રહેતા હતા, પરંતુ આપના સ્વભાવમાં જરાય કઠોરતા કે રૂક્ષતા નહોતી. આપ નમ્ર સ્વભાવના હતા, પરંતુ તેમાં કોઈ નબળાઈ કે હિંમતની કમીનો અંશ પણ નહોતો. આપ ખૂબ જ ઉદાર, કોમળ હૃદયના, દયાળુ અને કૃપાળુ હતા. દરેક મુસલમાન સાથે મહેરબાનીથી વર્તતા હતા. આપ એટલું પેટ ભરીને ખાતા નહોતા કે વારંવાર ઓડકાર લેવા પડે. આપ ક્યારેય લાલચ કે લોભની ભાવનાથી હાથ લંબાવતા નહોતા, પરંતુ ધીરજ રાખતા, અલ્લાહનો આભાર માનતા અને થોડામાં સંતોષ રાખતા હતા.

હઝરત આયશા (રઝિ) વર્ણન કરે છે કે રસૂલુલ્લાહ (સ. અ. વ.) ભેટ સ્વીકારતા હતા અને પોતે પણ ભેટ મોકલતા હતા. નાનામાં નાની ભેટ હોય તો પણ આપ (સ. અ. વ.) તેને સ્વીકારતા અને તેના બદલામાં ભેટ પણ આપતા હતા. આપ (સ. અ. વ.) એ ક્યારેય કોઈ ખોરાકને ખરાબ કહ્યો નહોતો. જો આપને તે પસંદ આવતો, તો ખાઈ લેતા; અન્યથા તેને છોડી દેતા.

આપ (સ. અ. વ.) એ પશમ એટલે કે ખરબચડા ઊનનાં કપડાં પહેર્યાં હતાં અને સમારકામ કરેલાં જૂતાં પહેર્યાં હતાં. આપે હંમેશાં સાદો અને કઠણ ખોરાક ખાધો હતો. એટલે કે જવનો જાડો રોટલો, જે પાણી વિના ગળેથી નીચે ઊતરતો નહોતો, અને સાદાં કપડાં પહેર્યાં હતાં.

આપ (સ. અ. વ.) એ પોતાનું બખ્તર જવના બદલામાં ગીરવે રાખ્યું હતું. એક વખત આપે રોટલીના એક ટુકડા પર ખજૂર મૂકી અને ફરમાવ્યું કે, આ તેનો સાલન છે. આ રીતે આપે ખજૂર સાથે રોટલી ખાધી. એક વખત આપ (સ. અ. વ.)ની સેવામાં ગરમ ભોજન લાવવામાં આવ્યું. આપે તે ભોજન ગ્રહણ કર્યું અને ફરમાવ્યું કે, બધી પ્રશંસા અલ્લાહ માટે છે. ઘણા સમયથી ગરમ ભોજન ખાધું નહોતું. હઝરત આયશા (રઝિ) કહે છે કે નબી કરીમ (સ. અ. વ.) એ તે સમયે વફાત પામી, જ્યારે અમે ખજૂર અને પાણીથી પેટ ભરીને ખાતા હતા.

હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ફરમાવે છે કે પવિત્ર અને શુદ્ધ લોકોનું પેટ ભરીને ખાવું એ પ્રકારનું પેટ ભરવું નથી, જે પ્રકારનું પેટ ભરવું એવા લોકોનું હોય છે જેમના વિશે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે તેઓ એવી રીતે ખાય છે જેવી રીતે ચોપગાં પ્રાણીઓ ખાય છે, અને આગ તેમનું ઠેકાણું છે. આંહઝરત (સ. અ. વ.)નું કોઈ સમયે પેટ ભરીને ખાવું એ એક અલગ જ પ્રકારનો નૂર ધરાવે છે. જો આ પેટ ભરવાની સ્થિતિને એવા લોકો સાથે સરખાવવામાં આવે, જેમનો મુખ્ય હેતુ લિજ્જત મેળવવી અને તેનો આનંદ માણવો હોય છે અને જેમની નજર માત્ર પોતાની નફસાની ઇચ્છાઓની તૃપ્તિ સુધી મર્યાદિત હોય છે, તો તે સ્થિતિને આપણે કોઈ પણ સંજોગોમાં સાચા અર્થમાં પેટ ભરવું કહી શકીએ નહીં. પેટ ભરવાની વ્યાખ્યા અંગે પવિત્ર અને મહાન લોકોની પરિભાષા તથા અપવિત્ર અને પેટપૂજક લોકોની પરિભાષા અલગ-અલગ છે. પવિત્ર લોકો એટલા જ ખોરાકને પેટ ભરાવું કહે છે કે જ્યારે થોડા અંશે ભૂખ દૂર થઈ જાય અને શરીરની હિલચાલ તથા ક્રિયાઓ માટે જરૂરી શક્તિ પ્રાપ્ત થઈ જાય. ટૂંકમાં, મોમિનનું પેટ ભરાવું એ છે કે તે એટલો જ ખોરાક ખાય, જે તેની પીઠને ટકાવી રાખે અને તે પોતાના ફરજિયાત હકો અદા કરી શકે. આથી, જે તમામ રસૂલોના સરદાર છે, તેમના પેટ ભરાવાની સ્થિતિની સરખામણી સામાન્ય લોકોના પેટ ભરાવાની સ્થિતિ સાથે કરવી એ ખોટી સરખામણી છે, કારણ કે બંનેની પરિસ્થિતિઓ અલગ છે. આ જ રીતે, ઘણા લોકોએ આપ (સ. અ. વ.)ના મહાન

દરજ્જાને સમજ્યો નથી અને શબ્દોના ઉપયોગના પ્રસંગને ધ્યાનમાં રાખ્યો નથી. પરિણામે, તેઓ પોતે જ ભૂલમાં પડી ગયા છે. આંહઝરત (સ. અ. વ.) એ કોઈ સમયે એવું ફરમાવ્યું કે હું ધરાઈ ગયો છું, તો તેનો અર્થ ક્યારેય એવો નથી કે જે લોકો પોતાના જીવનનો મુખ્ય હેતુ માત્ર ખાવાનું જ માને છે, તેઓ જે અર્થમાં આ શબ્દોનો ઉપયોગ કરે છે, તે જ અર્થ અહીં પણ લેવો જોઈએ. ટૂંકમાં, પવિત્ર લોકોનાં કાર્યો અને વચનોને તેમના ઉચ્ચ આધ્યાત્મિક દરજ્જા અનુસાર સમજવાં જોઈએ. તેમના કાર્યોની સરખામણી બીજા સામાન્ય લોકો સાથે કરવી યોગ્ય નથી. હકીકતમાં, તેઓ આ દુનિયામાં રહેતા હોવા છતાં જાણે આ દુનિયાથી અલગ હોય છે.

હઝરત આયશા (રઝિ) એ વર્ણન કર્યું કે જ્યારે પણ હું એક દિવસમાં બે વખત પેટ ભરીને ભોજન કરું છું, ત્યારે મને રડવું આવે છે. તેમને પૂછવામાં આવ્યું કે તમને રડવું શા માટે આવે છે? ત્યારે તેમણે ફરમાવ્યું કે મને રસૂલુલ્લાહ (સ. અ. વ.)ની તે સ્થિતિ યાદ આવી જાય છે, જેમાં આપે આ દુનિયાને વિદાય આપી હતી. ખુદાની કસમ! રસૂલુલ્લાહ (સ. અ. વ.)એ ક્યારેય એક જ દિવસમાં બે વખત રોટલી અને માંસ પેટ ભરીને ખાધાં નહોતાં.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉબૈદા (રઝિ) વર્ણન કરે છે કે રસૂલુલ્લાહ (સ. અ. વ.)ની સેવામાં ભોજન રજૂ કરવામાં આવ્યું. હઝરત આયશા (રઝિ) એ અરજ કરી કે, હે અલ્લાહના નબી! આપ ટેકો લઈને ભોજન કરો. આ આપના માટે વધુ આરામદાયક રહેશે. આ સાંભળીને આપે પોતાનું માથું જમીન તરફ નમાવ્યું. સ્થિતિ એવી થઈ કે જાણે આપનું માથું જમીનને સ્પર્શી જશે. આપ (સ. અ. વ.) એ ફરમાવ્યું: હું તો એ જ રીતે ભોજન કરીશ, જે રીતે સામાન્ય બંદો ભોજન કરે છે, અને એ જ રીતે બેસીશ, જે રીતે સામાન્ય બંદો બેસે છે, કારણ કે હું તો માત્ર એક બંદો છું.

હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ફરમાવે છે કે આંહઝરત (સ. અ. વ.)ના પવિત્ર જીવનનો અભ્યાસ કરો, જેથી તમને જાણવા મળે કે આપ (સ. અ. વ.) કેટલા સદાચારી અને ઉત્તમ સ્વભાવના હતા. આપ (સ. અ. વ.) અત્યંત પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા હોવા છતાં, જો કોઈ વૃદ્ધ કે નબળી સ્ત્રી પણ આપને ઊભા રાખતી, તો આપ (સ. અ. વ.) ત્યાં સુધી ઊભા રહેતા, જ્યાં સુધી તે આપને જવાની પરવાનગી ન આપે.

ખુત્બાના અંતે હુઝૂર અનવર અય્યદહુલ્લાહુ તઆલા બિનસ્રિહિલ અઝીઝે ફરમાવ્યું: આપ (સ. અ. વ.) નો દરજ્જો ખૂબ જ ઉચ્ચ છે અને આપ (સ. અ. વ.)ના દરેક કાર્યમાં આપણા માટે એક આદર્શ છે.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન વ અલા આલિ મુહમ્મદિન વ બારિક વ સલ્લિમ, ઇન્નકા હમીદુમ મજીદ.

******

اَلْحَمْدُ لِلّٰہِ نَحْمَدُہٗ وَ نَسْتَعِیْنُہٗ وَ نَسْتَغْفِرُہٗ وَ نُؤْمِنُ بِہٖ وَ نَتَوَکَّلُ عَلَیْہِ وَ نَعُوْذُ بِاللّٰہِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَ مِنْ سَیِّئَاتِ اَعْمَالِنَا مَنْ یَّھْدِہِ اللّٰہُ فَلَا مُضِلَّ لَہٗ وَ مَنْ یُّضْلِلْہُ فَلَا ھَادِیَ لَہٗ وَ نَشْھَدُ اَنْ لَّا اِلٰہَ اِلَّا اللّٰہُ وَ نَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَ رَسُوْلُہٗ عِبَادَ اللّٰہِ رَحِمَکُمُ اللّٰہُ اِنَّ اللّٰہَ یَأْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِیْتَآءِ ذِی الْقُرْبٰی وَ یَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْکَرِ وَ الْبَغْیِ یَعِظُکُمْ لَعَلَّکُمْ تَذَکَّرُوْنَ اُذْکُرُوا اللّٰہَ یَذْکُرْکُمْ وَ ادْعُوْہُ یَسْتَجِبْ لَکُمْ وَ لَذِکْرُ اللّٰہِ اَکْبَرُ۔